આસપાસ ચોપાસ
મંગળવાર ૧૧ જૂન, ૨૦૨૪
આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

# વીરસદ





## પ્રસિદ્ધ તિર્થધામ પીપળાવ આશાપુરી માતાજીના મંદિરથી અખંડજ્યોત વીરસદ લાવવામાં આવી હતી

વીરસદમાં આશાપુરી માતાજી મંદિર બનાવવાનો નિર્ણય લેવાયા બાદ જમીન તથા ફંડ ભેગું કરવું ખૂબ જ કપરું કાર્ય હતું. આ મુશ્કેલીના નિવારણ માટે ઉકેલ માટે તા- ૧૮/૦૫/૧૯૮૯ના રોજ એક કમિટીની રચના કરવામાં આવી. આ કમિટીના નેતૃત્વ હેઠળ ફંડ ઉઘરાવવાનું શરૂ થયું હતું. દાન માટે વડોદરા, અમદાવાદ, આણંદ, વિદ્યાનગર, સુરત રહેતા વીરસદના વતનીઓનો સંપર્ક કરવામાં આવ્યો. ત્યારબાદ સાવલીવાળા સ્વામી, હરિપુરી મહારાજુ, દંતાલીવાળા સચ્ચિદાનંદ સ્વામી, સોખડાવાળા સ્વામી, કલ્યાણદાસજી બાબા(અમરકંટકવાળા) તથા અમદાવાદના જગન્નાથ મંદિરના મહંતશ્રીના આશીર્વાદથી મંદિરનું બાંધકામ ચાલુ કર્યું. મંદિર નિર્માણ માટે વીરસદ ગામના વતનીઓ, અમીનો તથા અન્ય જ્ઞાતિઓના આર્થિક સહયોગથી આ કાર્ય આગળ ચાલ્યું. મંદિરનું બાંધકામનું કાર્ય ઈસ. ૧૯૯૬માં પૂર્ણ થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ટ્રસ્ટની નોંધણી તા- ૩૦/૦૬/૧૯૮૯ના રોજ સંયુક્ત ચેરિટી કમિશનર કચેરી, ખેડા(નડિયાદ) ખાતે કરવામાં આવી હતી. મંદિરના નિર્માણ કાર્ય બાદ શોપિંગ સેન્ટર, ઓફિસ, ધર્મશાળા(વાડી), પૂજારી ગૃહ, બકુલનંદન ઘાટ પણ તૈયાર કરવામાં આવ્યા. આ સમગ્ર તૈયારીઓ થઈ ગયા બાદ તા.૧૮/૦૨/૧૯૯૫ના રોજ મહા વદ ત્રીજને બુધવારના શુભદિને પીપળાવ આશાપુરી માતાજીના મંદિરથી અખંડ જ્યોત વીરસદ લાવવામાં આવી હતી. આ સાથે મંદિરમાં અન્ય દેવી-દેવતાઓની મૂર્તિ, ધજા, દંડ, કળશની સ્થાપના પણ કરવામાં આવી છે . દેશ-વિદેશથી ઘણું દાન મળતુ રહ્યું છે. અંબાલાલ રણછોડભાઈ અમીન(યુ.એસ.એ.) તથા તેમના વારસદારો તરફથી મળેલ દાનની રકમમાંથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર(દવાખાનું) શરૂ કરવામાં આવ્યું છે.




## સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજીએ મંદિરનું કામકાજ ઝડપથી પુરું કરવા ચરોતર તથા કાનમ પ્રદેશના સત્સંગીઓ પાસે સેવા કરાવી

વીરક્ષેત્ર સમુ વીરસદ ગામ સત્સંગના પારાથી અનોખી સુરખી પ્રગટાવતું વિશિષ્ટ ભાત પાડી રહ્યું છે. ગામમાં પ્રવેશતાં જ મોખરે આવેલું ગામના શિરમોર સમાન ત્રણ શિખરોથી શોભતું શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભવ્ય મંદિર અનેરી શોભાથી ગામ આખાને રળિયામણું કરી મૂકે છે. વીરસદમાં સંતોનો યોગ થતાં સૌ શ્રી સ્વામિનારાયણની ભકિત કરવા લાગ્યા. વીરસદ ગામમાં સત્સંગ દિન પ્રતિદિન વધવા લાગ્યો. સંવત ૨૦૦૮ના અષાઢ સુદી પૂનમના રોજ બપોરના સમયે ત્રણ વાગે શ્રીજી મહારાજે દિવ્યરૂપે પ. ભ. દાજીભાઈને દર્શન દીધા અને તેમની જમીનમાં ભવ્યાતિભવ્ય શિખરબંધ મંદિર બાંધવાની પ્રેરણા આપી. (જયાં હાલ શ્રી સ્વામિનારાયણ મંદિર છે.) સંવત ૨૦૦૯ના ફાગણ વદ-૨ ને સોમવારે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂ. દાજીભાઇના વરદહસ્તે ખાતમુહૂર્ત વિધિ કરવામાં આવી અને કાર્યનો આરંભ કરવામાં આવ્યો. સંવત ૨૦૧૦ કારતક સુદી પાંચમના દિવસે સવારમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવના શિખર માટે કણપીટ મૂકવામાં આવ્યો. મંદિરનું કામકાજ રાત-દિવસ ચાલતું હતું. સંવત ૨૦૧૧ના અષાઢ વદી ૧૨ના રોજ પ.પૂ.સ.ગુ. સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસજી વીરસદ પધાર્યા અને મંદિરનું કામકાજ ઝડપથી પુરું કરવા માટે આજુબાજુના ચરોતર તથા કાનમ પ્રદેશના ગામોમાં પધારી સત્સંગીઓ પાસે સેવા કરાવી અને સંવત ૨૦૧૨ના વૈશાખ સુદ-૧૦(દશમી)ના રોજ પ્રથમ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.



## રાજમિત્ર અને ઉધોગવીર ભાઈલાલભાઈ દાજીભાઈ અમીનનુ વતન છે વીરસદ ગામ

ગુજરાતના અને વિશેષે વડોદરાના રાસાયણિક ઉદ્યોગના ઇતિહાસમાં બે નામ સર્વદા સુવર્ણાક્ષરે અંકાઈ રહેશે. એક સ્વપ્નદ્રષ્ટા પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર અને બીજું સ્વપ્નદ્રષ્ટા શ્રી ભાઇલાલભાઈ અમીન. ‘કેમિકલ’ ઉદ્યોગના કેન્દ્ર તરીકે વડોદરાને હિંદભરમાં નામાંકિત કરવાનો યશ ગુરુ શિષ્યની એ અજોડ જોડીને ઘટે છે. તેમાંયે પ્રો. ગજ્જરનું આદરેલું કાર્ય પરિપૂર્ણ કરવાનું, એમણે રોપેલા બીજને પાળી પોષી ઉછેરી આજના એલેમ્બિક રૂપે સિદ્ધિની ટોચે પહોંચાડવાનું માન તો પુરૂષાર્થના પ્રતીક સમા ભાઇલાલભાઇને ફાળે જ જાય છે. અનેક મુશ્કેલીઓ અને આડખીલીઓનો સામનો કરી એ સ્વાવલંબી અને પ્રતાપી પુરૂષે પોતાની બુદ્ધિ અને બાહોશીથી, કુનેહ, કાર્યદક્ષતાઅને દીર્ઘદ્રષ્ટિથી તેમજ વ્યવાહારિકતા અને પ્રામાણિકતાથી એલેમ્બિકની ઈન્ડસ્ટ્રીઝ સક્ષમ બનાવી હતી . ગુજરાતી સાહસ અને કર્મકૌશલનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડયું હતું. એમની આ કાર્યસિદ્ધિની કદર તરીકે શ્રીમંત સરકારે એમને ઈ. સ. ૧૯૨૬માં “રાજરત્ન”ના માનથી અને ઈ. સ. ૧૯૩૪માં ‘રાજમિત્ર’’ના બહુમાનથી નવાજયા હતા. આવા તેજસ્વી નરરત્ન માટે એમનું વતન વીરસદ, જન્મભૂમિ આણંદ અને કર્મભૂમિ વડોદરા જેટલો ગર્વ ધરાવે તેટલો ઓછો છે. આવા ઉદ્યોગવીર માટે એમની પાટીદાર જ્ઞાતિ, ચરોતર અને ગુજરાત પણ પરમ ગૌરવ લઇ શકે છે.





## ટોક ઑફ ટાઉન

### ગામની પશ્ચિમે આવેલા વિરેશ્વર મહાદેવના નામ પરથી આ ગામનું નામ ‘વીરસદ’ પડેલું



ગામની પશ્ચિમે આવેલા વિરેશ્વર મહાદેવના નામ પરથી આ ગામનું નામ વીરસદ પડેલું છે. પ્રથમ અહીં બ્રાહ્મણો તથા રજપૂતો વસતા હતા. તે વખતે આબાદીનુ પ્રમાણ ખુબ જ ઓછું હતું. જોકે વીર વસનદાસ અને માધવદાસના અત્રે વસવાટ બાદ આ ગામની જાહોજલાલી વધતી રહી હતી. આ ગામે જે-જે મહાપુરૂષો થઈ ગયા તેમણે વીરસદના ઘડતરમાં અગ્ર ભાગ ભજવ્યો હતો, તેમજ કણબીમાંથી પાટીદાર બનાવનાર વીર વસનદાસના મહાન કાર્યોથી વિરસદ માટે હંમેશા સ્મૃતિવંત રહેલ છે.

આણંદ જિલ્લાના(તે સમયે ખેડા જિલ્લો) બોરસદ તાલુકામાં વીરસદ ગામ આવેલું છે. ધર્મજથી અઢી માઇલ દૂર છે. ગામની વસ્તી આશરે દસેક હજાર ઉપરની છે. ઘણા ખરા હાલ વિદેશ સ્થાયી થયેલ છે. ગામમાં બધી મળી 31 જ્ઞાતિના લોકો વસે છે. ગામમાં કેળવણીનું પ્રમાણ ઘણું સારું જોવા મળે છે. કેટલાક દીકરા-દીકરીઓએ તો ઈંગ્લેન્ડ, જર્મની, અમેરિકા, કેનેડા વગેરે સ્થળે જઇને કેળવણી લીધી છે. ને હાલ પણ લઈ રહ્યા છે. ગામના લોકોમાંથી ઘણા દેશ-પરદેશમાં જઈ ખૂબ આગળ વધ્યા છે. વકીલો, ડોક્ટર્સ, સોલીસીટર્સ, બેરિસ્ટર્સ, જનરલ મર્ચન્ટસ ને કારખાનાના માલિકો થઇ લાખોની કમાણી કરી ગામ-પરગામ દેશને દિપાવી રહ્યા છે. ગામમાં દેવસ્થાનો અને જાહેર સંસ્થાઓ પણ સારા પ્રમાણમાં છે. ગામમાં મુખ્ય ધંધો ખેતીનો છે તથા ઘણા તમાકુનો વેપાર પણ કરે છે. સુંદર આલીશાન મકાનો છે. ગામની રોનક ઘણી સારી છે. આ ગામના પ્રસિદ્ધ વ્યકિતઓમાં શ્રી શંકરભાઈ જોરાભાઈ અમીન સોલીસીટર તથા શ્રી રાજમિત્ર ભાઇલાલભાઈ ડી અમીન, લીમડીના સ્વર્ગસ્થ દિવાન શ્રી ઝવેરભાઇ, શ્રી હરીભાઇ તથા શ્રી ચતુર્ભુજ અમીન કે જે ક્રાંતિકારી તરીકે પ્રસિદ્ધ થયા હતા - તે સર્વનો સમાવેશ થાય છે.



**“રાડ પડે રજપૂત છૂપે નહિ”** ગંગ કવિના કથન મુજબ આ બે ભાઈઓ જાતે મહીડા ગરાસિયા હતા. તે વીર નરો સં. 1762ના ભાદરવા વદી બીજના રોજ વીરસદ ઉપર ધાડ પડેલી તે વખતે ગામની રક્ષા માટે સામી છાતીએ લડતાં-લડતાં ધાડપાડુઓને મારી ભગાડી ગામનું રક્ષણ કરતાં-કરતાં સમર ભૂમિમાં પોઢી ગયા. તેમની પ્રતિમાઓ ગામની પૂર્વ દિશાએ આવેલા કોટમાં તેમના વીર જીવનની યાદ કરાવી રહી છે.